# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com
CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૯૯/ક્વા-0૪/૨૦૨૦-૨૧/૨૩૭ તા. ૨૧.૧૦.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૯૯/ક્વા-૦૪/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી કિશોરભાઈ વેલજીભાઈ પાનસુરીયા ગામ – ચિત્રોડ
સબડીવીઝન: તાલાળા

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી વેરાવળ

**:: કોરમ ::**

૧) ચેરપર્સન : શ્રી બી.પી.બુચ
૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વિભાગીય કચેરી, વેરાવળ
તારીખ: શનિવાર (૦૪.૦૯.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૪.૦૯.૨૦૨૧ (શનિવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે ઉપરોક્ત વિષય અનુસંધાને આપ નામદાર ફોરમ સમક્ષ તકરાર નોંધાવવાની કે,

(૧) હું નીચે સહી કરનાર શ્રી કિશોર ભાઈ વેલજી ભાઈ પાનસુરીયા તાલાલા તાલુકાના ચિત્રોડ ગામ ના સર્વે નંબર ૪૪/૧/પે-૧ બિન ખેતી પ્લોટ નંબર ૧ ના માલિક છું બાકી બધા પ્લોટના અમો માલિકો સંયુક્ત સ્ટે હોમ બનાવેલ છે તે પૈકી પ્લોટ નંબર૧ માં રેસ્ટોરન્ટ બનાવેલ છે તેના જરૂરી દસ્તાવેજો જેવા કે (૧) બિનખેતી હુકમ એપ્રુવડ પ્લાન સાથે (૨) ગામ નમૂના નંબર૨ (૩) દસ્તાવેજ

નંબર ૧૨૬૫/૧/૧૩/૨૦૧૭ (૪) બાહ્ય સુરક્ષા અને ધોરણો -અધી -૨૦૦૬ હેઠળ લીધેલ લાયસન્સ નંબર ૧૦૭૨૦૦૪૫૦૦૦૦૯૮ અત્રે રજુ છે તેના માટે 50kw નું કોમર્શિયલ વીજ જોડાણ સંદર્ભ પત્ર નંબર ૧ મુજબ અરજી તાલાળા સબ ડિવિઝનમાં આપેલ તે અન્વયે તાલાળા સબ ડિવિઝન માંથી અને પત્ર નંબર TLL/S/૨૫૫૬/૧૮-૧૧-૨૦૨૦ થી રૂ.૭,૦૯,૦૦૨/-નું કોટેશન આપેલ.

સદર કોટેશન ની રકમ ખૂબ વધારે હોય તો આ અંગે અમોએ તાલાળા ઓફિસ તથા અન્ય પી.જી.વી.સી.એલ.ની કચેરીનો સંપર્ક કરેલ તો અમને જાણવા મળ્યું કે અમોને આપવામાં આવેલ કોટેશન ખેતીવાડીમાં બિનખેતી કરેલ ન હોય તેવા કિસ્સામાં કરવાની થતી કાર્યવાહી અંગે નો GR NO.૨૭૧૯/30-૦૧-૨૦૧૭ મુજબ આપવામાં આવેલ છે આ અંગે અમોએ વીજ કંપનીની કચેરી સદર GR અમોને લાગુ પડતો નથી કારણ કે અમોએ બિનખેતી કરાવેલ છે અને તેથી અમો GERC ના નીચેના નિયમો મુજબ વીજ જોડાણ લેવા હકદાર છીએ.

(૧) GERC/TECH/2014/1378/24-06-2014.

(૨) GUVNL/TECH/1069/27-06-2014.

(3) GUVNL/TECH-2/2053/05-11-2019.

ઉપરોક્ત ત્રણેય GR જોતા સ્વયમ સ્પષ્ટ છે કે ગામ તળ બહાર બીનખેતી થયેલ વિસ્તારમાં પણ FI Cost માં આપવું આ અંગે મૌખિક રજૂઆત કરવા છતાં પણ અમારું કોટેશન સુધારી આપેલ નથી અને કોઈપણ કાળમાં પાવર ની જરૂરિયાત ને ધ્યાને લઇ મજબુરણ સદર કોટેશન રૂ૭,૦૯,૦૦૨/- રસીદ નંબર ૨૫૨૦૦૪ થી ભરપાઈ કરી આપેલ અને વીજ જોડાણ મેળવી લીધેલ છે. આમ પીજીવીસીએલ ને યોગ્ય સરકારશ્રીની ગાઇડ લાઈન હોવા છતાં અને ધ્યાને મૂકી હોવા છતાં પણ પોતાનો મોનોપોલી બિઝનેસ સમજી ને નજર અંદાજ કરીને અમારી સાથે જાણી જોઈને અન્યાય કરેલ છે. માટે આ અરજી થી આપને અરજ કરીએ છીએ કે સરકાર શ્રી પ્રવર્તમાન નિયમ મુજબ સદર ક્વોટેશન ફરી થી આકરી ને ભરેલ રકમ માઠી બાદ કરીને ૧૨ % વ્યાજ સાથે બાદ કરવા અરજ છે. તેમજ આ બાબતે પીજીવીસીએલ દ્વારા ઈરાદાપૂર્વક માનસિક ત્રાસ આપવા બદલ .૨૫૦૦૦/- વળતર ચૂકવવા આદેશ થાય તેવી અરજ.અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 સદર ગ્રાહક દ્વારા તેઓના સર્વે નં – ૪૪/૧/પૈકી૧/પૈકી૨ ની જમીન કે જે ગામતળ બહાર આવેલ છે અને સદર માંગણી વાળી જગ્યા ખેતીવાડી વિસ્તાર વચ્ચે આવેલ છે અને રહેણાક હેતુ માટે બિનખેતી થયેલ છે તેમજ અરજદાર દ્વારા આ સર્વે નં.માં રેસ્ટોરન્ટ(વાણિજ્ય) હેતુ માટે ૫૦.૦ કી.વોટ નું થ્રી ફેઇઝ વીજ જોડાણ જ્યોતીગ્રામ વીજ ફીડર પરથી મળે તેવી અરજી કરાયેલ હતી.

3.૧ સદર અરજીના અનુસંધાને વર્તુળ કચેરી દ્વારા જીયુવીએનએલ ના પરિપત્ર નં.જીયુવીએનએલ/ટેક ૨/આરએનઆર/૨૭૧૯ તા:30.૧૦.૨૦૧૭ મુજબ તા: ૨૦.૧૦.૨૦૨૦ ના પત્ર નં. ૫૭૮૫ થી રહેણાક હેતુ માટે બિનખેતી થયેલ સર્વે નં.માં રેસ્ટોરન્ટ(વાણિજ્ય) હેતુ માટે મંજૂરી અપાયેલ હતી.સદર પરિપત્ર મુજબ આવા વીજ જોડાણ આપવા માટે ઊભી કરવામાં આવતી માળખાકીય સુવિધાને

લગતો તમામ ખર્ચ અરજદાર પાસેથી વસૂલવાનો થતો હોય તે બાબત અરજદાર દ્વારા રૂ.**300/-** ના સ્ટેમ્પ પર લેખીત બાહેધરી અપાયેલ છે.

૩.૨ તા: ૨૬.૧૦.૨૦૨૦ના રોજ તાલાલા પેટા વિભાગીય કચેરીને સદર વર્તુળકચેરીનો મંજૂરી પત્ર મળેલો હતો જેના અનુસંધાને તા: ૨૯.૧૦.૨૦૨૦ ના રોજ ઓનલાઇન એસ.આર. નં :૧૩૨૩૧૭૦૫ થી અરજી નોંધાયેલ હતી.

3.3 તા: ૧૦.૧૧.૨૦૨૦ ના રોજ અરજદારને તેઓના લાઇન સર્વે અનુસારનું ભાવપત્રક પેટા વિભાગીય કચેરી માથી આપવામાં આવેલ હતું જે તા:૧૨.૧૧.૨૦૨૦ ના રોજ અરજદાર દ્વારા ભરપાઈ કરાયેલ હતું. અરજદારનું લાઇન કામ પૂર્ણ થઈ જતાં તેઓનું વીજ જોડાણ તા૦૯.૦૧.૨૦૨૧ ના રોજ શરૂ કરાયેલ હતું.

૩.૪ સદર અરજદારની માંગણી વાળી જગ્યા રહેણાક હેતુ માટે બિનખેતી થયેલ છે જ્યારે સદર અરજદારના વીજ જોડાણ માટેનો હેતુ રેસ્ટોરન્ટ(વાણિજ્ય) છે આમ બંને હેતુમાં સમાનતા જણાતી નથી.

૩.૫ વધુમાં જીયુવીએનએલના પરિપત્ર નં. જીયુવીએનએલ/ટેક-૨/૧૦૮૫ તા:૨૮.૦૮.૨૦૧૭ મુજબ બિનખેતી થયેલ જમીનમાં જો સમાન પ્રકારની પ્રવૃતિકરવામાં આવે તો ધારાધોરણ અનુસાર ફિક્સ ચાર્જ વસૂલકરવો અન્યથા વાસ્તવિક ખર્ચ વસૂલવો સદર કિસ્સામાં બિનખેતી થયેલ જમીન તથા વીજ જોડાણના હેતુમાં સમાનતા જણાતી નથી જેથી વાસ્તવિક ખર્ચ વસૂલ કરાયેલ છે.

## :: હુકમ ::

૪.0 અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે ઉપરોક્ત મુદ્દા નં.૩.૫ મુજબ પીજીવીસીએલ કંપની દ્વારા અરજદાર શ્રી ને જે અંદાજ પત્ર આપવામાં આવેલ છે જે યોગ્ય છે. અને અરજદાર શ્રી ને ભરવાપાત્ર છે. અને અરજદાર શ્રી ને ભરપાઈ કરેલ અંદાજપત્ર ની રકમ પરત આપી શકાય નહીં.

૪.૨ તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

શ્રી એન.એસ.પંડયા — શ્રી બી.પી.બુચ

સ્વતંત્ર સભ્ય — ચેરપર્સન

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશેતો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસેએક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરીબ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯